# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૭૨ તા.૧૬-૧૦-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય:- સ્કિલ ડેવલોપમેન્ટ અંતર્ગત તૈયાર થયેલ કૃતિ અને વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ દિવાળી કાર્ડના પ્રદર્શન બાબત.

આથી તમામ મ્યુનિ.શાળા અને સિગ્નલ સ્કૂલના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત વિદ્યાર્થીઓનો સર્વાંગિણ વિકાસ થાય તે માટે અનેક વિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરવાનું સુચવવામાં આવેલ છે. જે શાળાઓમાં સ્ટેમ રોબોટીક લેબ ઉપલબ્ધ છે ત્યાં શાળાકક્ષાએ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ પ્રકારના મોડેલ બનાવવામાં આવે છે. અન્ય શાળાઓમાં વિદ્યાર્થીઓ દ્વારા ભરતગુંથણ, હાથવણાંટ, માટીકામ,કાગળકામ, આઈસક્રિમની ચમચીથી બનાવેલ શૉ-પીસ, અલગ અલગ વૉલપીસ, હાથવગી સાધનસામગ્રીથી બનાવેલા અલગ અલગ નમુના (જેમકે દિવાસળી,ઠંડાપીણાની સ્ટ્રોમાંથી બનાવેલ ચીજવસ્તુઓ) સુતર અને કંતાનમાંથી બનાવેલ જીવન ઉપયોગી ચીજવસ્તુઓ, અલગ અલગ પ્રકારની મૂર્તીઓ બનાવવામાં આવે છે. સિગ્નલ સ્કૂલના બાળકો દ્વારા પણ આ પ્રકારની ચીજવસ્તુઓ બનાવવામાં આવે છે. તો વિદ્યાર્થી દ્વારા સ્કિલ ડેવલોપમેન્ટ અંતર્ગત તૈયાર થયેલ કૃતિ અને વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરેલ દિવાળી કાર્ડનું શહેરકક્ષાનું પ્રદર્શન પંડિત દિનદયાળ હૉલ, બોડકદેવ ખાતે તા.૨૫-૧૦-૨૦૨૩ના રોજ સવારે ૮-૦૦ કલાકે યોજેલ છે. તો આ પ્રદર્શનમાં તમારી શાળાના બાળકો તથા સિગ્નલ સ્કૂલના દ્વારા સ્કિલ ડેવલોપમેન્ટ અંતર્ગત નમુનાઓ, કૃતિઓ બનાવેલ હોય તો તમારા ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને મોકલી આપશો.

તા.૧૬-૦૬-૨૦૨૩

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી